**કેસ નંબર:– 200116/2002**
**આંક :– ૧૭૬**

| હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરી કહું છું કે, મારૂ | | | |
|---|---|---|---|
| **બચાવના સાહેદ નંબર :– ૨** | | | |
| **મારુ નામ:–** | અનમોલ | **પિતા/પતિનુ નામ** | ગજેન્દ્ર નરૂલા |
| **ઉમર આશરે:–** | ૩૧ | **ધંધો** | મેનેજર, ફોરેન એક્ષચેન્જ ડીપાર્ટમેન્ટ, આર.બી.આઈ., અમદાવાદ |
| **રહેવાનુ ગામ** | નારાણપુરા | **જિલ્લો** | અમદાવાદ શહેર. |
| **સોગંદ આપ્યા** | | **મોબાઈલ નંબર :– ૯૯૫૮૦૫૬૧૩૫** | |

**નોંધ:– સાહેદ હિન્દી ભાષી હોવાથી તેઓને હિન્દી ભાષામાં પ્રશ્નો પુછી તેના જવાબ ગુજરાતી ભાષામાં રૂપાંતર કરી નોંધવામાં આવેલ છે.**
**સરતપાસણી:–વિ.વ.શ્રી.બી.બી.શાહ**
**સાહેદને સોગંદ આપ્યા:–**

હાલ હું આર.બી.આઈ. અમદાવાદ ઓફીસમાં ફોરેન એક્ષચેન્જ ડીપાર્ટમેન્ટમાં મેનેજર તરીકે મારી ફરજ બજાવુ છું. મારા ડીપાર્ટમેન્ટને કોર્ટનો સમન્સ કરતા અમારા જનરલ મેનેજર દેવીકા ગૌરીશંકરનાઓએ મને આ કામે કોર્ટમાં હાજર રહેવા એપોઈન્ટ કરતા હુ આજરોજ અદાલતમાં હાજર થયેલ છું. જે જનરલ મેનેજરશ્રીની સહીનો એપોઈન્ટમેન્ટ લેટર હુ આ કામે રજુ કરૂ છુ. જેને રજુ દાખલ આંક–...... આપવામાં આવે છે.

વધુમાં હુ આજરોજ મારી સાથે તા.૧૬/૪/૧૯૯૩ ના રોજનો સરક્યુલર નં.A.D.(G.P.Series) Circular No.10 સાથે લાવેલ છું. જે જોઈને કહુ છુ કે, આ સરક્યુલરમાં એવુ જણાવેલ છે કે, જેકોસ્લોવેકીયા નામના દેશનું વિભાજન થતાં તે બે દેશોમાં વિભાજન થયેલ. જેના નામ ચેક રિપબ્લીક અને સ્લોવાક રીપબ્લીક છે. આ દેશો સાથે વિભાજન પહેલા જે ટ્રેડ અને પેમેન્ટ એગ્રીમેન્ટ થયેલ હતા અને વિભાજન બાદ જે ટ્રેડ અને પેમેન્ટ એગ્રીમેન્ટ ભારત સરકાર અને ચેક રીપબ્લીક સરકાર વચ્ચે થયેલ ટ્રેડ એગ્રીમેન્ટની વિગતો જણાવેલ છે. તા.૧/૧/૧૯૯૩ ના રોજ આ દેશનું વિભાજન થયેલ અને વિભાજન તા.૧/૧/૧૯૯૩ પછી ભારત સરકાર સાથે જે કાંઈ ટ્રેડ એગ્રીમેન્ટ થશે તે તમામ ટ્રેડ '' In terms of this agreement, effetive from 1st January 1993 all trade and payment transactions with Czech will be settled in convertible foreign currencies in accordance with the Exchange Control regulations in force in each country." ઉપરોકત સરકયુલર હું આજરોજ આ કામે રજુ દાખલ કરુ છુ. જેને રજુ દાખલ

આંક–...... આપવામાં આવે છે.

વધુમાં, સરકયુલર નં.૧૭, તા.૧૬/૧૭–જુલાઈ–૧૯૯૧ નો સરકયુલર તથા સરકયુલર નં.૧૫, તા.૨૦/૭/૧૯૯૧ નો મેળવવા અમોએ અમારી મુંબઈ ખાતેની ઓફીસને ઈ–મેઈલ કરેલ છે. જે ઈ–મેઈલનો રીસ્પોન્સ અમારી પાસે આવેલ નથી. જે ઈ–મેઈલ હું આ કામે રજુ કરૂ છું. જેને રજુ દાખલ આંક–....... આપવામાં આવે છે.

તા.૧/૧/૧૯૯૧ થી તા.૩૧/૧૨/૧૯૯૨ વચ્ચે ભારત સરકાર અને જેકોસ્લોવેકીયા રીપબ્લીક વચ્ચે એક્ષપોર્ટ અને ઈમ્પોર્ટની ચુકવણી બાબતેની મને કોઈ માહિતી નથી. અમારી મુંબઈ ખાતેની ઓફીસનું સરનામું ફોરેન એક્ષચેન્જ ડીપાર્ટમેન્ટ, રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા, ન્યુ સેન્ટ્રલ ઓફીસ બિલ્ડીંગ, શહીદ ભગતસિંહ રોડ, ફોર્ટ મુંબઈ, મહારાષ્ટ્ર– ૪૦૦૦૦૧ છે.

બાય લેટરલ કન્ટ્રીઝનો અર્થ બે દેશોની વચ્ચેની સમજુતી થાય છે. જી.પી.સીડી એટલે શું ? તેની મને જાણ નથી.

સવાલ:– તા.૧/૧/૧૯૯૧ થી તા.૩૧/૧૨/૧૯૯૨ વચ્ચેના ભારતમાંથી જેકોસ્લોવેકીયા એક્ષપોર્ટ થયેલ માલના નાણાં ભારતીય ચલણમાં રૂપિયામાં ભારતની નેશનલાઈઝ બેન્કમાં સ્વીકારી શકાતા હતા.?

જવાબ:– આ સંબંધે જરૂરી જાણકારી અમોએ આજરોજ રજુ કરેલ તા.૧૬/૪/૧૯૯૩ ના સરકયુલરમાં છે.

**સરતપાસ પુરી.**

**ફરીયાદપક્ષે ઉલટતપાસ:– વિ.વ.શ્રી આઈ.એન.પઠાણ**

એ વાત ખરી છે કે, આજની તારીખે કોઈપણ વિદેશમાં એક્ષપોર્ટ કરેલ માલના નાણાં બન્ને દેશો વચ્ચે થયેલ સમજુતી પ્રમાણે આવે છે. મે રજુ કરેલ તા.૧૬/૪/૧૯૯૩ ના સરકયુલરમાં એક્ષપોર્ટ કરેલ માલના નાણાં કન્વરટેબલ ફોરેન કરન્સીસ મુજબ ભારતમાં સ્વીકારવાનું લખેલ છે. એ વાત ખરી છે કે, કન્વરટેબલ ફોરેન કરન્સીસમાં યુ.એસ.ડોલર, પાઉન્ડ, જાપાનીઝ યેન અને બીજી વિદેશી કરન્સીઓ આવે છે. એ વાત ખરી છે કે, મે રજુ કરેલ સરકયુલર મુજબ તા.૧/૧/૧૯૯૩ પછી કન્વરટેબલ ફોરેન કરન્સીસમાં જ પેમેન્ટ કરવાનું જણાવેલ છે.

ઉલટતપાસ પુરી.
ફેરતપાસ નથી.
તાઃ–15/11/2025.

સાહેદને જુબાની વાંચી સંભળાવતા ખરી હોવાનું કબુલ અને મંજુર રાખે છે.

મારી રૂબરૂ

(ડી.એચ.ખંભાતી)
એડી.ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ અમદાવાદ શહેર

એડી.ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ,
અમદાવાદ શહેર.